# હાર્ટફુલ દ્રષ્ટિકોણ સાથેની અનુભૂતિ

પ્રિય મિત્રો,

કહેવાય છે કે શિવાજીના ગુરુ સ્વામી રામદાસ રામાયણની કથા એવી દિવ્ય રીતે કરતા કે તે સાંભળવા હનુમાનજી  પોતે વેશપલટો કરી, ત્યાં હાજર રહેતા. રાવણે સીતાજીનું હરણ કર્યું અને તેમને બંદી બનાવ્યાં, તે પછી જ્યારે હનુમાનની નજર તેમનાં પર પડી, તે ક્ષણનું વર્ણન સ્વામી રામદાસે એક કથા દરમિયાન કર્યું. તેમણે કહ્યુ કે રાવણના બગીચામાં હનુમાનજીએ  સીતાજીને સફેદ ફૂલો વચ્ચે બેઠેલાં જોયાં હતાં.

કથામાં તલ્લીન હનુમાનજીને આ સાંભળતા જ આંચકો લાગ્યો. પોતાનો છદ્મ વેશ ત્યજીને તેઓ ઊભા થઈ ગયા અને બોલ્યા, "ભાઈશ્રી, હું તમારી કથા ખૂબ આનંદથી સાંભળી રહ્યો છું, કારણ કે મને મારા ભગવાનની વાતો સાંભળવામાં વિશેષ આનંદ આવે છે, પણ ખેદપૂર્વક હું કહું છું કે તેમાંની એક વિગત ખોટી છે. તમે જણાવ્યું તેમ રાવણના બગીચાના ફૂલો સફેદ નહીં, પણ લાલ હતાં. આ જ હકીકત છે, કારણ કે હું પોતે ત્યાં હાજર હતો અને મેં પોતે તે ફૂલો જોયા હતાં.

આ કથા વિશેષ એટલે હતી કે સ્વામી રામદાસ દિવ્ય દ્રષ્ટિથી સંપન્ન હતા. તેઓ બીજા બધાની જેમ રામાયણની માત્ર કથા જ નહતા કરતા, પરંતુ ભગવદ ગીતામાં જે રીતે સંજયે વર્ણન કર્યું હતું, તેમ સ્વામી રામદાસ પણ તે બધું તાદૃશ જોતા જોતા તેનું વર્ણન કરતાં હતાં. અનુભૂતિની આવી ક્ષમતા હોવાથી, આત્મવિશ્વાસ સાથે સ્વામી રામદાસે હનુમાનજીને સમજાવ્યું કે તેમને આ વિગત કદાચ બરાબર યાદ નહીં હોય, કારણ કે ફૂલો તો ખરેખર સફેદ જ હતાં.

"તો ચાલો આપણે આ બાબતની ખરાઈ ભગવાન શ્રી રામ પાસે કરાવીએ," હનુમાને કહ્યું અને તેઓ બંને આકાશમાર્ગે શ્રી રામ પાસે ગયા.

બંનેના મંતવ્યો સાંભળ્યા પછી ભગવાન શ્રી રામે કહ્યું, "મને માફ કરજો, પણ હું તમારો વિવાદ નહીં ઉકેલી શકું. તમે જાણો છો કે હું તે સમયે ત્યાં હાજર ન હતો."

રામ પાસેથી છુટા પડ્યા પછી હનુમાને કહ્યું, "ચાલો સીતાજી પાસે જઈએ. તેઓ ખાતરી પૂર્વક કહી શકશે, કે ફૂલો લાલ જ હતાં."

તેમણે બંનેએ સીતાજીને આ આ બાબત વિષે પૂછ્યું અને સીતાજીએ કહ્યું કે, "સ્વામી રામદાસ સાચા છે. ફૂલો શુદ્ધ સફેદ રંગના જ હતાં. તે જરાય લાલ નહોતાં. "એવું કેવી રીતે હોઈ શકે?" હનુમાનને આશ્ચર્ય સહિત પૂછ્યું, "મેં મારી પોતાની આંખોથી જોયું હતું, કે ફૂલો લાલ હતાં."

"હા, તમને ફૂલો લાલ દેખાયા હતાં, એ સાચું છે," સીતાજીએ સમજાવ્યું, "કારણ કે ત્યારે મને રાવણની બંદી તરીકે જોઈને, તમારી દ્રષ્ટિ ક્રોધથી રંગાઈ ગઈ હતી. તેથી તમને સફેદ ફૂલો પણ લાલ રંગના દેખાયાં હતાં."

હનુમાનજી ખૂબ જ ગુસ્સામાં હતા અને ક્રોધે તેમની દ્રષ્ટિ બદલી નાખી હતી. તેમને સફેદ ફૂલો પણ ધગધગતા લાલ રંગના દેખાયા હતા. તેઓ ક્ષણિક રીતે માયાની એટલે કે ભ્રમની અવસ્થામાં આવી ગયા હતા અને તેના કારણે તેઓ વાસ્તવિકતાને બનાવટ અને અવાસ્તવિકતાને હકીકત સમજ્યા હતા. તે સ્થિતિ ખામીયુક્ત વિચારસરણીને

આપણે જે ખોટી વિચારસરણીને કારણે અને ખોટી સમજણને કારણે હકીકતને હકીકત તરીકે જોવા માટે અસમર્થ છીએ, તેનું મૂળ કારણ છે, આપણો આંતરિક બોજો - આપણા સંસ્કારો.

કારણે ઊભી થયેલી ખોટી સમજણની અવસ્થા હતી.

એ જ રીતે, ધારો કે કોઈ ભયભીત પ્રવાસી રાત્રે એકલો જતો હોય અને અંધારામાં તેને એક આગિયો દેખાય, તો તે તેને ભૂત સમજી લે છે  કે એક દોરડાને સાપ સમજી લે છે. અન્ય કોઈ માણસ મોડી રાત્રે ફોન પર તેના ઉપરી સાથે વાત કરી રહ્યો હોય, તો પણ તેની પત્ની એવું માની લે છે કે તેનો પતિ બેવફા છે. બંને કિસ્સાઓમાં, જે તે સમયની ખરી હકીકત જોઈ શકાતી નથી, કારણ કે તે બાબતોને ખોટી વિચારસરણીના ફિલ્ટર એટલે કે આવરણ મારફતે જોવામાં આવે છે. બંને સંજોગોમાં શરૂઆતના તબક્કે કોઈ એક એવી બાબત હોય છે, જેના વિષે ખબર નથી હોતી, તે અજ્ઞાત હોય છે: જેમકે પ્રકાશનો અજ્ઞાત સ્રોત, દોરડાની અજાણી ઓળખ, ફોન પરની અજાણી વ્યક્તિ. આમ,

ભાવનાત્મક સ્મૃતિઓનો આ ભંડાર હવે તાજેતરની ઘટનાઓના આપણા અર્થઘટનને પણ તેને અનુરૂપ કરી દે છે. આ એવું છે, જાણે કે આપણે રંગીન ચશ્માં દ્વારા વિશ્વને જોઈ રહ્યા ન હોઈએ!

હર પળ કોઈ ને કોઈ અજાણી બાબતો આપણી સમક્ષ આવતી હોય છે, પરંતુ આપણે એ બાબતનું ધ્યાન રાખવું જોઈએ કે ત્યાં ભ્રમણા વિકસે નહીં.

બાબુજી મહારાજ આ માયાનું કારણ જાણી ચૂક્યા હતા. આપણે જે ખોટી વિચારસરણીને કારણે અને ખોટી સમજણને કારણે હકીકતને હકીકત તરીકે જોવા માટે અસમર્થ છીએ, તેનું મૂળ કારણ છે, આપણો આંતરિક બોજો - આપણા સંસ્કારો.

સંસ્કારો એ ભાવનાત્મક રીતે પ્રભાવશાળી અનુભવોની એવી છાપો છે, જે આપણી ચેતનામાં સમાવિષ્ટ થઈ જાય છે અને આપણા અર્ધજાગ્રત મનમાં ધરબાયેલી રહીને આપણા જીવન પર સૂક્ષ્મ પ્રભાવ પાડ્યા કરે છે, જેના કારણે આપણે આપણી વર્તમાન વાસ્તવિકતાને ભૂતકાળના અનુભવોના ચશ્માં મારફતે જોઈએ છીએ. આપણી ભૂતકાળની લાગણીઓ અને વિચારવાની જૂની રીતભાત આપણી વર્તમાન વાસ્તવિકતા પર હાવી થઇ જાય છે, જેનાં પરિણામે વર્તમાનની આપણી સમજ પક્ષપાતી બની જાય છે. ભાવનાત્મક સ્મૃતિઓનો આ ભંડાર હવે તાજેતરની ઘટનાઓના આપણા અર્થઘટનને પણ તેને અનુરૂપ કરી દે છે. આ એવું છે, જાણે કે આપણે રંગીન ચશ્માં દ્વારા વિશ્વને જોઈ રહ્યા ન હોઈએ!

મને ‘ધ વિઝાર્ડ ઓફ ઓઝ’ વાર્તા યાદ આવે છે, જેમાં ઓઝ શહેરમાં દરેક વસ્તુ લીલી

*વાસ્તવિક નિષ્પક્ષ દ્રષ્ટિ બધી વસ્તુઓને –કોઈપણ ઉમેરા કે બાદબાકી વગર કે પછી ભાવનાત્મક સ્તરનાં કોઈપણ નિર્ણયો કે અર્થઘટનોને લાદ્યા વગર, તે જેવી છે, તેવી જ જુએ છે. જ્યારે તમામ આવરણો સમાપ્ત થઈ જાય છે, ત્યારે "દ્રષ્ટિ" પ્રગટ થાય છે અને આપણાં શાસ્ત્રો આ શુદ્ધ દ્રષ્ટિને "દર્શન" તરીકે ઓળખે છે.*

હોવાનું માનવામાં આવતું હતું - પરંતુ તે માત્ર એક ભ્રમણા હતી. ઓઝ શહેર પણ અન્ય શહેરોની જેવું જ હતું. બધું જ લીલા રંગનું હોય, તેવી ભ્રમણા જળવાઈ રહે, તેવું કરવામાં આવ્યું હતું, કારણ કે શહેરના દરેક રહેવાસીને લીલા રંગના કાચવાળા ચશ્મા આપવામાં આવતા, જે બધાએ હંમેશા પહેરી રાખવા પડતા હતાં. રંગીન ચશ્માએ ત્યાના રહેવાસીઓમાં એક એવી ખોટી છાપ ઉભી કરી હતી કે શહેર લીલા રંગનું છે.

આ તો એક વાર્તા હતી, પરંતુ આપણા અસલ જીવનમાં પણ આપણી દ્રષ્ટિ એ જ પ્રકારે બદલાયેલી રહેતી હોય છે. આપણા જીવનમાં આપણે જે પૂર્વગ્રહોનો અનુભવ કરતા હોઈએ છીએ, તે તો એનાથી પણ બદતર હોય છે, કારણ કે ઓઝના નિવાસીઓની દ્રષ્ટિ તો માત્ર ચશ્માની એક જોડીને કારણે જ બદલાયેલી હતી, જ્યારે આપણી પાસે તો ઘણા આવરણો (ફિલ્ટર્સ) છે, જે આપણી સમજને અસ્પષ્ટ બનાવી દે છે. ચશ્મા તો સરળતાથી ઉતારી પણ શકાય છે, પરંતુ આપણા આવરણ એટલા સખત રીતે જડાયેલા છે કે આપણો આત્મા તેને આપણી ચેતના સાથે એક જીવનમાંથી બીજા જીવનમાં પણ લઈ જાય છે. આપણે જે આ "ચશ્મા" પહેરીએ છીએ તે એક રંગના નથી, પરંતુ તેના કાચ અનેકવિધ રંગની છાંટ વાળા હોય છે, જે તેને લગભગ અપારદર્શક બનાવી દે છે. તદુપરાંત, આ ફિલ્ટર્સ (આવરણો) ગમે ત્યારે આપણી જાણ બહાર જ પ્રગટ થઇ જાય છે. જ્યારે વાસ્તવિકતાનો પ્રકાશ આપણી ચેતનામાં પ્રવેશતો અટકી જાય છે, ત્યારે આપણે અંધકારમાં એટલે કે એક પ્રકારના નરકમાં જ જીવીએ છીએ.

સંસ્કારોને કારણે આપણી સમજણ પર પૂર્વગ્રહનું આવરણ આવી જાય છે અને તેથી આપણે બધી વસ્તુઓને કાં તો સારી કે પછી ખરાબ તરીકે નક્કી કરી દેવા પ્રેરાઈએ છીએ. આપણે અમુક વસ્તુઓને સુંદર અને અમુક વસ્તુઓને કદરૂપી ગણીએ છીએ; અમુકને પવિત્ર અને અમુકને અપવિત્ર ગણીએ છીએ. આપણે એ હકીકત ભૂલી જઈએ છીએ કે પવિત્રતા સર્વત્ર છે, સુંદરતા સર્વત્ર છે. આપણી આંખોની જોવાની રીત જ નક્કી કરે છે કે તે રૂપાળું છે કે કદરૂપું. આપણે આપણી તે સમજને વાસ્તવિકતા પર ચઢાવી દઈએ છીએ. વાસ્તવિક નિષ્પક્ષ દ્રષ્ટિ બધી વસ્તુઓને –કોઈપણ ઉમેરા કે

બાદબાકી વગર કે પછી ભાવનાત્મક સ્તરનાં કોઈપણ નિર્ણયો કે અર્થઘટનોને લાદ્યા વગર, તે જેવી છે, તેવી જ જુએ છે. જ્યારે તમામ આવરણો સમાપ્ત થઈ જાય છે, ત્યારે "દ્રષ્ટિ" પ્રગટ થાય છે અને આપણાં શાસ્ત્રો આ શુદ્ધ દ્રષ્ટિને "દર્શન" તરીકે ઓળખે છે.

મોટાભાગના લોકો દર્શનને તેના મર્યાદિત અર્થમાં, એટલે કે પવિત્ર વ્યક્તિની એક ઝલક જોવી, એવું સમજે છે. તે સમયે ઘણા લોકોએ ભગવાન શ્રી કૃષ્ણને તેમનાં જીવનકાળ દરમિયાન જોયાં હશે, પરંતુ ભાગ્યે જ કોઈ વિરલાએ જ તેમને તેઓ જેવા હતા, તેવા જોયા હશે. મોટાભાગના લોકો દર્શનને તેના મર્યાદિત અર્થમાં, એટલે કે પવિત્ર વ્યક્તિની એક ઝલક જોવી, એવું જ સમજે છે. તો ખરા અર્થમાં તેમના દર્શન કોને થયા હશે? આ વાત મને બાબુજીના એ નિવેદનની યાદ અપાવે છે કે, "મને મળવા ઘણાં આવે છે, પરંતુ કોઈ મને ખરેખર (સાચા અર્થમાં) જોતું નથી."

ઘણા લોકો ભગવાન શ્રી કૃષ્ણને નફરત કરતા હતા. માત્ર થોડાક જ તેમને પ્રેમ કરતા હતા. દુર્યોધને તો, "તેઓ માત્ર એક જાદુગર જ છે," એવું કહીને, તેમનું અપમાન કર્યું હતું. અર્જુન તેમની પ્રશંસા કરતો હતો, પરંતુ તે મર્યાદિત રીતે તેમને એક મિત્ર તરીકે જ જોતો હતો. રાધાજીને કૃષ્ણ પ્રત્યે અપાર પ્રેમ હોવા છતાં, તેઓ તેમને સમગ્ર બ્રહ્માંડના ઈશ્વર તરીકેના પૂર્ણ સ્વરૂપે જોતાં ન હતાં. જોનાર દરેક વ્યક્તિનો દ્રષ્ટિકોણ અલગ અલગ હતો. કોઈએ સંપૂર્ણ સત્ય જોયું નહોતુ.

આવું એટલા માટે હોય છે કે દરેક વ્યક્તિ અલગ હોય છે. કલ્પના કરી જુઓ કે આપણે, એટલે કે વિશ્વના અબજો લોકો, સામૂહિક રીતે કેટલી બધી છાપો ધરાવીએ છીએ, આપણે આપણી સાથે એવા કેટલા બધા વલણો લાવતા હોઈએ છીએ કે પૃથ્વી પરનાં આપણાં સહિયારા જીવન દરમિયાન આપણે અમુક ચોક્કસ રીતે જ પ્રતિભાવ આપતા હોઈએ છીએ! સામાન્ય રીતે, આના પરિણામે મતભેદ અને કુસંપ થાય છે.

આપણે હંમેશાથી આવા નહોતા. મૂળભૂત રીતે દરેક ચેતના એકસમાન હતી. સર્વત્ર વાસ્તવિકતાની પરિશુદ્ધ દ્રષ્ટિ રહેતી. ખામીયુક્ત વિચારોના કારણે મતભેદોનું સર્જન થયું અને આપણે આપણી પોત-પોતાની નાની નાની દુનિયાઓ બનાવવાનું શરૂ કર્યું. બાબુજી આપણી આ દુનિયાઓને ટાપુઓ તરીકે વર્ણવે છે - એવા ટાપુઓ, કે જે

*આત્મદર્શન માટે માનવીએ અહંકાર દ્વારા*
*ભેગી થયેલી ખોટી ઓળખોને ત્યજવી પડશે.*

એકબીજાથી દૂર દૂર, અલગ અલગ છુટાછવાયા હોય છે અને વ્યક્તિગતતા વાળા અને અહંકારથી પ્રેરાયેલા હોય છે.

અહંકાર, તેના મૂળ સ્વભાવ મુજબ સ્વ-કેન્દ્રી જ હોય છે અને પોતાને ટકાવી રાખવા ઈચ્છતો હોય છે. અહંકારને સૌથી મોટો ભય હોય છે, પોતાની ઓળખ નાશ પામવાનો. તે શારીરિક મૃત્યુને અહંકારના મૃત્યુ કરતાં વધુ સારું ગણે છે. સતત પોતાનાં અસ્તિત્વમાં જ રાચતો અહંકાર હંમેશા પોતાને જ જોવા ઈચ્છે છે, જાણે કે અરીસામાં પોતાનું પ્રતિબિંબ જોઈને પોતાનાં અસ્તિત્વની ખાતરી કરવા ન માંગતો હોય!

હવે અહંકારને જ્યારે પોતાનું કોઈ સ્વરૂપ જ નથી, ત્યારે તે પોતાને કેવી રીતે જોઈ શકે? તેનો જવાબ એ છે કે બહારના, સમજી અને જાણી શકાય, તેવા સામાન્ય પદાર્થો જ તેની ઓળખ હોય છે. બાહ્ય વસ્તુ તરફ ઈશારો કરીને તે જણાવતો હોય છે કે, "હું તે છું," અને તેને સંતોષ થાય છે. આ રીતે, તે મન કે શરીર સાથે અથવા સંસ્કૃતિ, ભાષા, સ્વાદ, સંપત્તિ વગેરે જેવી માનવીય શરીર-તંત્ર બહારની બાબતો સાથે પણ પોતાની ઓળખ સ્થાપિત કરી શકે છે.

એક પત્રનો જવાબ આપતાં, બાબુજીએ એકવાર લખ્યું હતું: "તમે મહાપુરુષોનાં(સંતોનાં) દર્શન કરવા ઈચ્છો, તે સારી વાત છે. પણ વધારે સારી બાબત તો એ હશે કે તમે તમારા પોતાનાં દર્શન કરવાનો પ્રયત્ન કરો." આત્મદર્શન માટે માનવીએ અહંકાર દ્વારા ભેગી થયેલી ખોટી ઓળખોને ત્યજવી પડશે. પરંતુ અહંકાર તેની ખોટી ઓળખ સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલો હોય છે. જ્યારે તેને લાગે છે કે તેની ઓળખ નાશ પામશે, ત્યારે તે તેનો પ્રબળ સામનો કરે છે. જ્યારે અહંકારની આ જૂઠી ઓળખ પર પ્રહાર

અહંકારની ભૂમિમાં રોપાયેલા સંસ્કારના બીજ,
વ્યક્તિગત ભાગ્ય રૂપી વૃક્ષો ને વિકસાવે છે.
આપણા સંસ્કારો આપણા હૃદયમાંના ઈરાદાઓનું
સર્જન કરે છે, જેને પૂર્ણ કરવાનું કાર્ય મન કરે
છે. મનનાં કાર્યો અને તેનું વલણ, વૃત્તિઓ
તરીકે ઓળખાય છે. તે પછી આપણી વૃત્તિઓને
કારણે આપણી પ્રવૃત્તિઓ શરૂ થાય છે. આમ,
વૃત્તિ અને પ્રવૃતિ, એ સત્વ, રજસ અને તમસના
રંગો પૂરી, આપણી ત્રિગુણાત્મક પ્રકૃતિને ઘડે છે.

થાય છે, ત્યારે તે (અહંકાર) આક્રમક બની શકે છે. તમે જ તમારી જાતને પૂછી જુઓ કે જ્યારે તમારો ધર્મ, તમારું રાષ્ટ્ર, તમારો સમુદાય, તમારું કુટુંબ વગેરે જેવી બાબતો કે જેને તમે તમારો જ એક ભાગ સમજતા હો, તેવી કોઈ બાબતની ટીકા કરવામાં આવે, ત્યારે તમને કેવું લાગે? ત્યારે તમને જે લાગણી થાય છે, તેની તીવ્રતા જ એ અહંકારનાં, તેની પોતાની ઓળખ સાથેનાં અતૂટ સંબંધની તીવ્રતા દર્શાવે છે; જો કે આ અહંકાર, એ સાચી ઓળખ પરનું એક મહોરું માત્ર છે.

મમત્વવાળો અહંકાર સંપનો નાશ કરે છે. જ્યારે તમે સમૂહમાં કામ કરતા હો, ત્યારે અન્ય લોકોની ઈચ્છા, તમારાથી અલગ રીતે કાર્ય કરવાની હોઇ શકે છે. જો તમે તમારા જ વિચારોનો આગ્રહ રાખો, તો તમને અન્ય લોકોના રચનાત્મક સૂચનો પણ અંગત હુમલા જેવા લાગશે. કલ્પના કરો કે જૂથમાં દરેક વ્યક્તિ પોતાનો જ કક્કો ખરો કરવાની કાર્યશૈલી અપનાવે તો! તે સંજોગોમાં પરિણામ કેવું હશે! જ્યારે આપણી પોતાની સમજવા માટેની તૈયારી હોય અને આપણે અહંકારની હુંસાતુંસી ટાળીએ, ત્યારે અલગ-અલગ દ્રષ્ટિકોણ હોવા, એ સારી વાત છે.

જો આપણી કામ કરવાની શૈલી અહંકારી હોય, તો તે બાબત આપણને દિવ્ય ઉર્જાના વાહક બનાવવાના ગુરુજીના કાર્યમાં અવરોધરૂપ બની રહે છે. દિવ્ય ઉર્જાના પ્રવાહને આપણી અંદર જો પ્રતિરોધનો સામનો કરવો પડે, તો ઘર્ષણ ઉત્પન્ન થાય છે. ધ્યાન દરમિયાન "ઝાટકો" અનુભવવા જેવી બાબતો, તંત્રમાં પ્રતિરોધ હોવાની નિશાની છે.

અહંકાર અને સંસ્કાર, એ બંને સાથીદારો છે. આપણે જ્યારે ભાવનાત્મક રીતે પ્રતિભાવ આપીએ છીએ, ત્યારે સંસ્કારો રચાય છે. આપણામાં, અહંકાર પ્રતિક્રિયા કરનાર પરિબળ છે અને તે જ સંસ્કાર બનવાનું કારણ છે. હવે અહંકાર પ્રતિક્રિયા કેમ કરે છે? જ્યારે અહંકારની ઓળખને પ્રોત્સાહન મળે તેવી કે પછી તેની ઓળખ નષ્ટ થાય તેવી શક્યતા ઊભી થાય છે, ત્યારે તે પ્રતિભાવ છે. આ પ્રતિભાવ પસંદ અથવા નાપસંદના સ્વરૂપમાં આવે છે. તે પ્રતિભાવમાં ઉત્પન્ન થતી સકારાત્મક અથવા નકારાત્મક લાગણી, પછી એક છાપ બની જાય છે.

સંસ્કારો પણ અહંકારના સૂરમાં સૂર પૂરાવીને, એ વસ્તુઓ તારવી કાઢે છે, જે અહંકારની ઓળખરૂપ હોય છે. તે પછી અહંકાર અને સંસ્કાર, બંને સાથે મળીને માયાનું સર્જન કરે છે, જેનાથી આપણી દ્રષ્ટિ અવરોધાય છે અને આપણને સત્ય ધૂંધળું દેખાય છે.

અહંકારની ભૂમિમાં રોપાયેલા સંસ્કારના બીજ, વ્યક્તિગત ભાગ્ય રૂપી વૃક્ષો ને વિકસાવે છે. આપણા સંસ્કારો આપણા હૃદયમાંના ઈરાદાઓનું સર્જન કરે છે, જેને પૂર્ણ કરવાનું કાર્ય મન કરે છે. મનનાં કાર્યો અને તેનું વલણ, વૃત્તિઓ તરીકે ઓળખાય છે. તે પછી

આપણી વૃત્તિઓને કારણે આપણી પ્રવૃત્તિઓ શરૂ થાય છે. આમ, વૃત્તિ અને પ્રવૃતિ, એ સત્વ, રજસ અને તમસના રંગો પૂરી, આપણી ત્રિગુણાત્મક પ્રકૃતિને ઘડે છે.

આપણાં સ્વભાવના ગુણો અનુસાર આપણે કેટલીક પ્રવૃત્તિઓનું પુનરાવર્તન કરતાં રહીએ છીએ. ખાણીપીણીના શોખીન લોકો વારંવાર રેસ્ટોરાંમાં જમવા જાય છે. દરિયાનાં મોજાં પર સર્ફિંગ કરનાર હંમેશા દરિયામાં જયા કરે છે. સિનેમાના શોખીન લોકો વારંવાર સિનેમા જોવા જાય છે. આવી પ્રવૃતિઓને કારણે અમુક ખાસ પ્રકારનાં સંસ્કારો બને છે, જે દરેક વ્યક્તિ માટે અલગ અલગ હોય છે. ભવોભવ થતી રહેતી અવિરત પ્રવૃત્તિઓ અને સંસ્કારોનો સંચય, આપણા સ્વભાવને વધારે ને વધારે દ્રઢ કરે છે. આને જ આપણે પ્રારબ્ધ (નિયતિ) કહીએ છીએ.




આપણે પોતે આપણા પ્રારબ્ધનાં(નિયતિના) નિર્માતા તો છીએ જ પરંતુ તે ઉપરાંત, એક દિવ્ય નિયતિ પણ હોય છે - એક એવું ભાગ્ય કે જે ફક્ત ત્યારે જ સાકાર થઈ શકે છે, જ્યારે આપણે આપણી પોત-પોતાની અલગ અલગ દુનિયાને ઓગાળી નાખીએ અને આપણી પોતાની વ્યક્તિગતતાને વિસર્જિત કરી દઈએ.

આ ઉદ્દેશ્ય માટે જ મહાન ઋષિ પતંજલિએ યોગનો માર્ગ સૂચવ્યો છે, જેના દ્વારા આપણે તે વૃત્તિઓનું શમન કરી શકીએ છીએ, જે અન્યથા આપણા ભાગ્યની રચના પોતાની રીતે જ કરતી રહે છે અને આપણને માયાના ચક્કરમાં સતત ફરતા રાખે છે. આ જ એ હેતુ છે કે જેના માટે પૂજ્ય બાબુજીએ આપણી વૃત્તિઓને ટકાવી રાખતા સંસ્કારોને દૂર કરવાની પદ્ધતિઓ પ્રયોજી હતી. ચિત્ વૃત્તિ નિરોધ એ એક અર્થમાં યોગની અવસ્થા જ છે. આપણી વૃત્તિઓને ઉત્તેજન આપતા રહેવું, એ ક્યારેય આપણા માટે મદદરૂપ નહીં હોય અને તેથી જ તે યોગ નથી, પણ અ-યોગ્ય છે.

કમનસીબે, અહંકાર પોતાનાં સર્જનને હંમેશા ટકાવી રાખવાની વૃત્તિ ધરાવે છે અને તે સર્જનને તે વૃત્તિ, પ્રવૃત્તિ, પ્રકૃતિ અને પ્રારબ્ધ તરીકે ઓળખાવે છે. આને લીધે બદલાવ મુશ્કેલ બને છે. પ્રિય ચારીજી કહેતા હતા કે મૂર્ખને પોતાની ભૂલોનો ખ્યાલ પાછળથી જ આવે છે; બુદ્ધિશાળીને તેનો ખ્યાલ ભૂલો કરતી વખતે આવે છે, અને શાણી વ્યક્તિને ભૂલોનો ખ્યાલ પહેલેથી જ આવી જાય છે અને તે તેને ટાળે છે.

પોતાની ભૂલો દેખાતી હોવા છતાં, જે વ્યક્તિ જીદપૂર્વક પોતાના કાર્યો સાચા જ હોવાનો આગ્રહ રાખે એનું આપણે શું કરીશું? આવી વ્યક્તિમાં કેવી રીતે બદલાવ આવી શકે? જ્યારે કોઈ પોતાના નિર્માણમાં જ વ્યસ્ત હોય, ત્યારે તે પોતાના વિલયન માટે શું કરી શકે? શું તાંબાનું કદી સોનામાં રૂપાંતરણ થતું હશે? આનાથી કદાચ એ પણ સમજાય છે કે આપણે શા માટે આપણી જાતને બદલવામાં તદ્દન નિષ્ફળ જઈએ છીએ. આનાથી એ પણ સમજી શકાય છે કે બાબુજીએ દર્શાવેલી ત્રેવીસ વર્તુળોની આકૃતિમાં અહંકારના વલયો માયાના વલયોને ટેકો શા માટે આપે છે.

સહજ માર્ગ આપણને જીવનશૈલીનું કૌશલ્ય પ્રાપ્ત કરવા માટેની આંતરિક તાલીમ આપે છે, જે આપણને સંસ્કારો પેદા કર્યા વિના ઉમદા કાર્યો કરવા દે છે. સંસ્કારોનો ભાર દૂર કરવો સરળ છે. દિવસ દરમિયાન એકઠા થયેલા સંસ્કારો સાંજની સફાઇ દ્વારા દૂર કરવામાં આવે છે. પ્રશિક્ષક સાથેની વ્યક્તિગત બેઠકો દરમિયાન આ જન્મના ભૂતકાળના સંસ્કારોની સફાઈ કરવામાં આવે છે. અગાઉના જન્મોના સંસ્કારો ભંડારા દરમિયાન, સમૂહ સત્સંગ દરમિયાન કે ગુરુજીની ભૌતિક હાજરીમાં દૂર કરવામાં આવે છે અને જો અભ્યાસી સમર્પિત હોય અને લયવસ્થામાં રહેતો હોય, તો તે સંસ્કારો (ગુરુજીની ભૌતિક હાજરી સિવાય પણ) ગમે ત્યારે દૂર થઈ શકે છે.

સંસ્કારોની રચના અટકાવવી એ મોટો પડકાર છે. આ દુન્યવી જીવન દરમિયાન છાપો બનતી અટકાવવી, એ કોલસાની ખાણમાં રહેવા છતાં કોલસાની રજકણોથી બચતા રહેવા જેવું છે કે પછી વરસાદી તોફાનમાં ચાલતી વખતે ભીના થવાથી બચવા જેવું છે. આપણે વરસાદને ટાળી શકતા નથી, પરંતુ રેઈનકોટ પહેરીને આપણને પોતાને ભીના થવાથી બચાવી શકીએ છીએ. મન અને હૃદય માટે "રેઈનકોટ" તરીકે કાર્ય કરી

શકે તેવું શું છે, કે જેથી તેઓ ભાવનાત્મક અશાંતિ દરમિયાન પણ તેનાથી અલિપ્ત રહે? તે છે, ઈશ્વર માટેના પ્રેમથી તરબોળ એવા સતત સ્મરણનો રક્ષણાત્મક પોશાક. સતત સ્મરણ એ એક વિશેષ પ્રકારનું ફિલ્ટર છે, તે ગાળવાનું કામ કરે છે. આપણી ચેતના પર, છાપના ડાઘાં લાગે, તે પહેલાં જ સતત સ્મરણ તે છાપને ગાળી દે છે. નમ્રતાની રક્ષણાત્મક છત્રછાયા હેઠળ, સતત સ્મરણ અહંકારને ગાળી દે છે અને પૂર્વગ્રહથી આપણને બચાવે છે, જેથી દિવ્ય લક્ષ્ય સતત આપણી નજર સમક્ષ રહે છે. આપણી અનુભૂતિનો દ્રષ્ટિકોણ જો આપણાં સર્જનહાર પ્રત્યેના પ્રેમમાં હૃદયપૂર્વક ડૂબેલો રહે, તો સાંસારિક અને માયાપૂર્ણ બાબતો પણ દિવ્ય અને અદ્ભુત બની રહે છે. જો ઈશ્વર દિવ્ય છે, તો તેની રચના પણ દિવ્ય છે કારણ કે 'સ્રોત' અને તેની નીપજ, બંને એક જ છે. બધું જ દિવ્ય બની જાય છે.

પ્રેમ અને આદર સહિત,
કમલેશ

## પૂજ્ય બાબુજી મહારાજની
### ૧૨૩મી જન્મજયંતી પ્રસંગે
### ૨૯ અને ૩૦ એપ્રિલ, ૧ મે ૨૦૨૨

heartfulness™
advancing in love